# રાજકોટ મહાનગરપાલિકા
## ટાઉન પ્લાનીંગ શાખા,
મહાનગર સેવા સદન, રૂમ નં. ૮,ત્રીજો માળ,
www.rmc.gov.in "ડો. આંબેડકર ભવન", ઢેબરભાઇ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧


રા.મ્યુ.કો./ટી.પી./સે.ઝોન/જા.નં. :- ...૩૧...

તા.૨૨/૦૭/૨૦૨૫

**ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-૨૬૦ (૨) અન્વયેનો હુકમ તથા નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયેનો સ્પીકીંગ ઓર્ડર**

તમો **શ્રી રાજેશ ઉર્ફે ડોનીયો રમેશભાઈ ચૌહાણ, રૂખડીયાપરા અતુલના ખાડામા, રાજકોટ.** વોર્ડ નં.૩ માં આપની મિલકત અંગે ગેરકાયદેસર બાંધકામ બાબતે બાંધકામ પરવાનગી તથા ભોગવટા પરવાનગી રા.મ્યુ.કો. /ટી.પી./ સે.ઝોન/ જા.નં.૧૫૧૬, તા:૨૪/૦૬/૨૦૨૫ થી અત્રે રજુ કરવા પત્ર પાઠવેલ તથા જી.પી.એમ.સી.એક્ટ અન્વયે સે.ઝો/ જા.નં.૧૭૩૨, તા:૧૬/૦૭/૨૦૨૫ થી કલમ-૨૬૦(૧) મુજબની નોટીસ પાઠવેલ. ત્યારબાદ આપના દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન નથી.

હાલમાં સુપ્રીમકોર્ટની માર્ગદર્શિકા અનુસાર હિયરીંગ કરવા માટે જણાવેલ હોય, જે અન્વયે આપણે તા.૨૬/૦૮/૨૦૨૫ નાં રોજ સવારે ૧૧.૩૦ કલાકે હિયરીંગ માટે હાજર રહેવા જણાવેલ. જેમાં આપ/આપના પ્રતિનિધિ હાજર રહેલ. પરંતુ આપના દ્વારા રા.મ્યુ.કો./ટી.પી./સે.ઝોન/ઈન.નં.૧૬૮૬, તા.૨૭/૦૬/૨૦૨૫ થી કરવામા આવેલ લેખીત રજુઆત આ સાથે સામેલ ડોક્યુમેન્ટ્સ જરૂરી બાંધકામ પરવાનગી તથા માલિકીના આધાર-પુરાવા ન હોય. જેથી આપની રજૂઆત ગ્રાહ્ય રાખવા પાત્ર નથી.

**ઉપરોક્ત સ્થળે સ્થાનિકે પુર્વ મંજુરી મેળવ્યા સિવાય અન-અધિકૃત બાંધકામ કરેલ હોય, જે ગેરકાયદેસર છે.**

ઉપરોકત વિગતે સવાલવાળુ બાંધકામ ગેરકાયદેસર હોઈ હું એચ.એમ.સોરઠીયા, ટાઉન પ્લાનર-સેન્ટ્રલ ઝોન (રાજકોટ મહાનગર સેવા સદન) આથી મને ફાળવેલ સત્તાની રૂએ જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) મુજબ સંપૂર્ણ બાંધકામ તોડી પાડવાનો હુકમ કરૂ છુ. આ હુકમનો અમલ કરવા તમો આસામીશ્રી/કબજેદારને દિવસ-૧૫(પંદર) નો સમય આપુ છુ. સમય મર્યાદા વિત્યે સવાલવાળુ બાંધકામ મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવશે. સદરહુ મિલકતમાં કોઈપણ આકસ્મિક બનાવ કે અકસ્માત થયે જાનમાલની નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપના શિરે રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

ટાઉન પ્લાનર
(સેન્ટ્રલ ઝોન)
રાજકોટ મહાનગરપાલિકા

o/c

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**

૧. કલેકટરશ્રી, રાજકોટ-સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે ઈ-મેઈલ મારફત.
૨. નાયબ કમિશનરશ્રી, સેન્ટ્રલ ઝોન.

**નોંધ :-**

કમિશ્નરશ્રીએ તેમના હુકમ ક્રમાંક રા.મ્યુ.કો./જી.એ.ડી./પી.ડી./૦૦૪, તારીખ:૦૮/૦૮/૨૦૨૫ થી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૬૦(૨) નીચે હુકમ આપવાના પાવર્સ ટાઉન પ્લાનરને ડેલીગેટ કરેલ છે.